દાખલ તારીખ : ૧૬/૦૭/૨૦૨૫
રજી. તારીખ : ૧૬/૦૭/૨૦૨૫
ફેંસલ તારીખ : ૦૩/૦૪/૨૦૨૬
સમય: વર્ષ–૦૦, માસ–૦૮,દિવસ–૧૮

આંક : ૧૮

## ફોર્મ–એ

| ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ કોર્ટમાં, મેંદરડા<br><br>સમક્ષ : કૃષ્ણ સિંહ રાઠોર<br>ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ<br><br>જજમેન્ટ તારીખ: ૦૩/૦૪/૨૦૨૬<br><br>ફોજદારી કેસ નંબર : ૨૮૯/૨૦૨૫<br>એફ.આઈ.આર.નં.૧૧૨૦૩૦૩૯૨૫૦૧૧૪/૨૦૨૫<br>પોલીસ સ્ટેશન : મેંદરડા. | | |
|---|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર | |
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી | કે.બી.ટાંક | |
| આરોપી પક્ષ | ૧. | મીનાબેન વા.ઓ. ભનુભાઈ ચુડાસમા,<br>રહે. અમરાપુર કાઠીના, તા.મેંદરડા, જિ.જૂનાગઢ |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | એન.આર.ગુજરીયા | |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૨/૦૪/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૨/૦૪/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૨/૦૭/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૨૨/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૩/૦૯/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૩/૦૪/૨૦૨૬ |
| સજા હુમની તારીખ, જો હોય તો | લાગુ પડતું નથી. |

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો બી.એન.એસ.એસ. –૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મીનાબેન વા.ઓ. ભનુભાઈ ચુડાસમા | ૨૯/૪/૨૫ | ૨૯/૪/૨૫ | પ્રોહી. કલમ–૬૫ (એ)(એ) મુજબ | નિર્દોષ | – | – |

## <u>ફોર્મ–સી</u>

### <u>:: સાહેદોનુ લીસ્ટ ::</u>

**<u>અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:</u>**

| આંક | વિગત |
|---|---|
| ૦૭ | ફરીયાદી/ત.ક.અ. શૈલેષભાઈ દિપકભાઈ સોંદરવાની જુબાની. |
| ૧૫ | પંચ સાહેદ ભાવીનભાઈ બાલુભાઈ બરેજાની જુબાની |
| ૧૭ | પંચ સાહેદ ઉદયભાઈ પંકજભાઈ ડાભીની જુબાની |

બ. બચાવ પક્ષના સાક્ષી, જો હોય તો : નથી.
ક. ન્યાયાલયના સાક્ષી જો હોય તો : નથી.
ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી.

### <u>:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::</u>

| આંક | વિગત |
|---|---|
| ૦૮ | અસલ ફરીયાદ. |
| ૦૯ | તપાસનો હુકમ |
| ૧૦ | ફોરવર્ડીગ લેટર |
| ૧૧ | રવાનગી નોંધ |
| ૧૨ | એફ.એસ.એલ. પહોંચ |
| ૧૬ | અસલ પંચનામું |

બ. બચાવ પક્ષ :
ક. ન્યાયાલય :
ડ. ભૌતિક વસ્તુઓ :

## —: ચુ કા દો :—

।૧। ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૨/૦૪/૨૦૨૫ ના કલાક ૧૬—૪૫ વાગ્યાના અરસામા કાઠીના અમરાપુર ગામે આ કામના આરોપી બહેનએ પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાને દેશી પીવાનો દારૂ આશરે લી.૬(છ) કિ.રૂા.૧૨૦૦/— નો ગે.કા. પ્રોહી. મુદ્દામાલ રાખી રેઈડ દરમિયાન હાજર નહી મળી આવી પાછળથી પકડાઈ જઈ, પ્રોહી. એકટ કલમ—૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલાનો આરોપી વિરૂધ્ધ આક્ષેપ છે જે આધારે ગુના લગત મેંદરડા પો.સ્ટે.માં એફ.આઈ.આર. નોંધવામાં આવેલ.

।૨। આરોપીને સમન્સ કરતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા. આરોપીને પોલીસ પેપર્સની તમામ નકલો બી.એન.એસ.એસ. કલમ—૨૩૦ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને સદર ગુન્હા સબબ આંક—૪ થી આરોપી સામે તહોમતનામું તથા આંક—૫ થી આરોપીની પ્લી નોંધવામા આવેલ, આરોપીએ ગુન્હાની કબુલાતનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે, જેથી હાલનો કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર આવેલ છે.

।૩। ફરીયાદ પક્ષે ફરીયાદી/ત.ક.અ. શૈલેષભાઈ દિપકભાઈ સોંદરવાને આંક—૦૭ થી તપાસવામાં આવેલ છે. ફરીયાદી કે જેઓ પોલીસ સાહેદ છે તેઓએ ફરીયાદ હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે અને ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી અસલ ફરીયાદ આંક—૦૮ થી રજુ કરેલ છે. આ ગુનાની તપાસ પણ સદર ફરીયાદીએ જ કરેલ છે. આ સાહેદે આંક—૦૯ થી તપાસનો હુકમ, આંક—૧૦ થી ફોરવર્ડીગ લેટર, આંક—૧૧ થી રવાનગી પત્રક, આંક—૧૨ થી એફ.એસ.એલ. પહોંચ રજુ કરેલ છે. આ સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કેસના ફરીયાદી અને આઈ.ઓ. બન્ને એક જ છે. એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ સ્થળની પાસે ઘણા બધા રહેણાકી મકાનો આવેલા છે અને ત્યાં માણસો રહે છે. એ વાત ખરી છે કે, પંચનામાની વીડિયોગ્રાફીનો કોઈ આધાર પુરાવો નામ. કોર્ટમાં રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ વાળી જગ્યાની આસપાસના કોઈપણ વ્યકિતઓના

નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે, એફ.એસ.એલ. અધિકારીઓના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતી બનાવ વાળી જગ્યા કોની માલીકીની છે તેનો કોઈ આધાર પુરાવો લીધેલ નથી.

।૪। ફરીયાદ પક્ષે આંક– ૧૫ થી તપાસેલ પંચ સાહેદ ભાવીનભાઈ બાલુભાઈ બરેજા તથા આંક–૧૭ થી તપાસેલ પંચ સાહેદ ઉદયભાઈ પંકજભાઈ ડાભી તેઓ પોલીસ સાથે કોઈ પ્રોહી. રેઈડમાં ગયેલ હોય તેવું બનેલ નહી હોવાનું જણાવી રેઈડ અંગેના પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવી સદર પંચનામુ આંક–૧૬ થી રજુ કરે છે. સદર પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી એ.પી.પી.શ્રી દવારા ઉલટ તપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી. સદર પંચ સાહેદોને આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી તથા પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલાનું સ્વીકારેલ છે.

।૫। આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં ફરીયાદી/ત.ક.અ.એ તેમના પુરાવાથી ફરીયાદ પક્ષને સમર્થન આપતી જુબાની આપેલ છે પરંતુ પ્રસ્તુત કામે સ્વતંત્ર એવા પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો પંચોના જણાવ્યા મુજબ પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહીઓ લીધેલી તેમજ ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદમાં પંચોના નામ લખાવેલ ન હોવાનું સ્વીકારેલ હોય તેથી પંચોને સાથે રાખી રેઈડ કરેલાનુ માની શકાય નહી. વધુમાં બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આ કામે

પંચો સીવાય કોઈ તટસ્થ સાહેદોના નીવેદનો લીધેલ નથી. મુદ્દામાલ દારૂ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી અને તેઓ રૂબરૂ કોઈ પ્રોહી.નો મુદ્દામાલ પકડેલ હોય તેવું બનેલ નહી હોવાનું જણાવે છે. હાલના ગુનાના કામે ફરીયાદી તથા ત.ક.અ. એક જ વ્યકિત છે. જયારે ફરીયાદી અને ઈન્વેસ્ટીગેશન ઓફીસર બન્ને એક જ વ્યકિત હોય તો તેવા સંજોગોમાં આરોપી વિરૂધ્ધના કેસના કામે તટસ્થ અને સાચી તપાસ થયેલી છે તેવુ માની શકાય નહીં. આમ, સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થન વિના આવા શંકાસ્પદ પુરાવા આધારે આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર થયેલ ગણી શકાય નહી. આમ, રેકર્ડ ઉપરની હકીકતો આધારે ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: <u>આ ખ રી નિ ર્ણ ય</u> :–

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) મુજબ આ કામના આરોપી મીનાબેન વા.ઓ. ભનુભાઈ ચુડાસમા, રહે. અમરાપુર કાઠીના, તા.મેંદરડા, જિ.જૂનાગઢ નાઓને પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

(૩) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા એપેલેટ કોર્ટમાં હાજર રહેવા માટે અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તા.૦૩ જી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મેંદરડા,
તા.૦૩/૦૪/૨૦૨૬

( કૃષ્ણ સિંહ રાઠોર )
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
કોડ નં. જી.જે.૦૧૬૩૮